સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સત્ત્વ-મદ-મસ્તને ભાષા-દરકાર ક્યાંથી કાઢે?
દબાણથી ચઢ્યા ગિરિ પર સંસ્કાર ક્યાંથી કાઢે?
કાઢે ક્યાંથી સરકાર આવા જોરૂ કા ભાઇને -
આવા કટ્ટર પેસી ગયા છે ગિરિરાજો, ક્યાંથી કાઢે?

હાઇકુ

કયા સમાજનું!
કરે પ્રતિનિધિત્વ
વિધાનસભ્યો..
(ભાંગફોડ-મારામારી)

રંગભેદની -
લઘુતાગ્રંથિ ખીણે -
છે ગિરિરાજ..
(સંકુચિત-વિકૃત-દૃષ્ટિ)

ચિંતન

દેશાનુ ત્સૃજવે ગચ્છન્તિ સિંહાઃ સત્પુરુષા ગજાઃ ।
તત્રૈવ નિધનં યાન્તિ કાકાઃ કાપુરૂષાઃ મૃગાઃ ॥

'સિંહો, સજ્જન-સત્પુરુષો અને હાથીઓ એટલે કે જે સાહસી અને પરાક્રમી સાથે બળવાન પણ છે એવા પોતાનું વતન છોડી અન્ય દેશોમાં જાય છે એને દેશમાં આર્થિક-શિક્ષણ જેવા વિશિષ્ટ લાભો મેળવે છે. પરંતુ કાગડા-ડરપોક-આળશુ લોકો અને ગાય-ભેંસ જેવાં પશુઓ એકવાર જયાં જન્મ્યાં એ વિસ્તારને સુખ હોય કે દુઃખ કોઇ પણ પરિસ્થિતિમાં ત્યાં ને ત્યાં જ રહે છે. અર્થાત તેમનું જન્મ અને મરણ સ્થાન એ જ સ્થળ બને છે; સુખ કે દુઃખમાં સબડ્યા કરે છે.'

કેટલાક લોકો આળશ ને સંતોષનો બૂરખો પહેરાવી સાહસ ને ઢાંકી રાખે છે. ખરેખર તો એ તેમની નિષ્ક્રીય-ભીરુતા છે. માણસે સાહસ ખેડી અને હિંમતપૂર્વક દેશ-વિદેશ જઇ વિદ્યા પ્રાપ્તિ કે ધંધો રોજગાર માટે પ્રયાણ કરવું જોઇએ એને કારણે જ કુટુંબ-પરિવારનો ઉત્કર્ષ થાય અને જાતને પણ વિવિધ અનુભવ જ્ઞાન મળે છે.

અહીં સિંહ-હાથી-સાહસીનું દૃષ્ટાંત આપ્યું છે. સાથે કાગડા-ગાય-ભેંસ જેવા પ્રાણીના દૃષ્ટાંત સાથે આ વાત સમજાવી છે.

સુવિચાર

- જો જી ચાહે વો મિલ જાયે, કબ ઐસા હોતા હૈ.. હર જીવન જીને કા એક સમજૌતા હોતા હૈ - **ફેસબુક**
- સુખ સહુના હાથમાં છે જ, એનો ઉપભોગ એવી રીતે કરો કે બીજાને એની અદેખાઇ ન આવે - **ટાગોર**
- સંતોષી હોય તે સુખમાં ઘમંડી ન બને અને દુઃખમાં રીબામણ ન અનુભવે - **એસ. ભટ્ટાચાર્ય**
- કેળવણી એટલે માનવ બનવાની મથામણ - **ફાધર વાલેસ**
- જે માનવી બીજાના માટે જીવે છે એને ક્યારેક નિરાશા મળતી નથી - **અમૃત બિંદુ**
- ધરતી પર શું છે તે કૂવાના પાણી પરથી જાણો અને માનવ શું છે એને એની આંખ પરથી જાણો - **લાઓત્સે**
- ખુશી મહેનતથી આવે છે અસંયમ અને આળશથી નથી આવતી માણસ કામને દિલથી ચાહે તો તેનું જીવન સુખી થઇ જાય - **માનસસૂત્ર**

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઇશ્વરે આપણા અંતરઆત્મામાં જ છે અને ધર્મ આપણા સદાચાર-આચરણમાં જ છે આપણે આ બધું જ જાણીએ સમજીએ છતાં મંદિરો-મસ્જિદો, સાધુ-સત્સંગ અને આશ્રમમાં ભટકી 'ધાર્મિક', 'આધ્યાત્મિક' હોવાનો દંભ કરીએ છીએ.

મુલ્લાં નસરુદ્દીન આ વાત સ્પષ્ટ સમજતા હતા, છતાં લોકોનાં ટોળાં એમની પાસે ડહાપણ અને ધર્મની વાતો સાંભળવા આવતા. નસરુદ્દીન એમને કબીરજીની ફિલસૂફી સમજાવી કહેતા કે ઇશ્વરને તમે ક્યાં-ક્યાં જયાં ત્યાં શા માટે શોધો છો? ઇશ્વર તો તમારા હૃદયમાં જ છે.

આમ છતાં કેટલાક લોકો ફરી આવ્યા અને મુલ્લાંને, કંઇક બોધ આપવા કહ્યું.

મુલ્લાં કંટાળ્યા હતા. સાચી-સાદી-સીધી વાત લોકો સમજતા નથી અને વ્યાખ્યાન સાંભળ્યા પછી પણ કંઇ સુધરતા નથી. એટલે કહ્યું, સાંભળો - 'તમે તમારા જૂતાં અને પગ ખૂબ સ્વચ્છ ચોખ્ખાં રાખો' એ ખૂબ જ મહત્ત્વનું છે.

એક ચાલાકની નજર મિંયાની ફાટેલી મોજડી અને એમાંથી ડોકિયાં કરતાં ગંદા પગ પર ગઇ. એણે તરત કહ્યું, 'પણ મિયાં તમારાં જુતાં અને પગ તો સાવ ગંદા જ છે.'

મિયાં કહે જો ભાઇ! હું તમને કદી પૂછવા આવ્યો છું કે મારે કેમ જીવવું? મારે કેમ જીવવું એની મને ખબર છે. તમારે પણ આ જ વાત સમજવાની જરુર છે.

Email - sureshchandrabhatt18@gmail.com

॥ અહો આશ્ચર્યમ્ ॥
જ્ઞાનગુણસાગરની અદ્ભૂત રચના : હનુમન્નાટક

પ્રસંગસર

- રશ્મિકાન્ત મહેતા

ચૈત્રી પૂર્ણિમાનો દિવસ 'હનુમાન જયંતી' તરીકે ઉજવાય છે; તેનું સમર્થન 'હનુમદ્ ઉપાસના કલ્પદ્રુમ' નામના ગ્રંથમાંથી મળે છે. તુલસીદાસે 'ચાલીસા' ને પ્રારંભે એમને બિરુદ્ધ આપ્યું છે. 'જ્ઞાનગુણ સાગર'. કાવ્યસર્જન એ ગુણ છે, એમાં જ્ઞાન હોય; તો એ રચના દીપી ઊઠે છે. જ્ઞાનગુણ સાગર હનુમાન એક નાટ્યરચનાના કર્તા છે. એનું નામ છે 'હનુમન્નાટકમ્' હનુમાને રચેલું નાટક.

આ નાટક ઉપર મોહનદાસની 'દીપિકા' વ્યાખ્યા છે. નાટકનો છેલ્લો શ્લોક (૧૪/૯૬) અને એના પરની વ્યાખ્યામાંથી આનો સર્જવવૃત્તાંત મળે છે :

(૧) પવનપુત્ર હનુમાને પર્વતની શિલાઓ ઉપર નખની અણીથી કોતરીન આ 'મહાનાટક'ની રચના કરી હતી.

(૨) મહર્ષિ વાલ્મિકીએ આ રચના વાંચી. તેને સંદેહ થયો કે, 'આ રચના વધુ મધુર છે અને અમર થઇ જાય તેમ છે. આને કારણે રામાયણનો પ્રચાર બંધ થઇ જશે.' તેથી તેમણે હનુમાનને વિનંતી કરી - તું આને સમુદ્રમાં ઉતારી દે. (ત્વં એતદ્ર સમુદ્રે નિધેહિ) આજ્ઞાંકિત હનુમાને કહ્યું, 'ભલે.' હનુમાને આ નાટ્યરચના સમુદ્રમાં પધરાવી દીધી.


THE
HARIDAS SANSKRIT SERIES
271
HANUMANNĀTAKA
OF
ŚRĪ HANUMĀNA
Edited with
The 'Vibha' Sanskrit and Hindi Commentaries
By
Pt. JAGADISHA MISHRA
THE
Chowkhamba Sanskrit Series Office
Varanasi-221001 (India)
1978

(૩) કલામર્મજ્ઞ રાજા ભોજ હનુમાનના અવતાર હતા. એમના ડૂબકીખોર મરજીવાઓને સમુદ્રમાંથી આ ઉટ્ટેકિત શિલાઓ પ્રાપ્ત થઇ. એ એમણે ભોજરાજને સુપરત કરી દીધી.

(૪) ભોજરાજે પોતાના સભાકવિ દામોદર મિશ્રને આદેશ આપ્યો. દામોદર મિશ્રે શિલાઓને આધારે નાટકને હસ્તપ્રત સ્વરુપમાં સુગ્રથિત કરી આપ્યું.

નાટકની પુષ્ટિકામાં 'હનુમન્નાટક'ના બે વિશેષણો છે. (૧) પવનતનયવિરચિત (૨) મિશ્ર દામોદર સંગ્રહીત.

માળવાનાં પરમારવંશી મહારાજ ભોજદેવનો સમય ઇ. ૧૦૧૦-૧૦૧૫ નો છે. એમની સભામાં મિથિલાના દામોદર મિશ્ર હતા. તેની જાણીતી રચના 'વાણી ભૂષણ' હતી. બલ્લાલ સેન (ઇ. ૧૫૫૦-૧૬૦૦) એ 'ભોજપ્રબંધ' ની રચના કરી છે. તેમાં એમણે હનુમાનની નાટ્યરચનાના ઉદ્ધારની ઉપર્યુક્ત વિગતો આપી છે.



हे हनुमान! 'हजारों मुख तुम्हारा यश गान करें' मर्यादा पुरुषोत्तम भगवान श्रीराम ने ऐसा कहकर आपको अपने हृदय से लगा लिया।

आ નાટક અનેક પ્રકારની વિશેષતાઓને કારણે અજોડ છે. (૧) એણે પોતાની ઓળખ મહાનાયક તરીકે આપી છે. (૨) સમગ્ર નાટક સંસ્કૃતમાં છે. પ્રાકૃતનો ઉપયોગ નથી. (૩) ખરેખર તો આને પદ્યનાટક કહેવું જોઇએ. ૧૪ અંકનું આ નાટક છે તેમાં ૨/૩ ભાગ પદ્યમાં છે. આમાં ૫૭૯ શ્લોક છે. આમાંથી ૭૧ શ્લોક સંસ્કૃત સાહિત્યની જુદી જુદી રચનાઓમાંથી લઇને મૂક્યા છે. (૪) આમાં ૩૦થી વધુ પાત્રો છે.

આ ચૌદ અંકોને શીર્ષક આપેલા છે. (૧) જાનકી સ્વયંવર (૨) રામ-જાનકી વિલાસ (૩) મારીચાગમન (૪) સીતાહરણ (૫) વાલીવધ (૬) હનુમદ્વિજય (૭) સેતુબંધન (૮) અંગદ-અધિક્ષેપણ (૯) મૈત્રિવાક્ય (૧૦) રાવણપ્રપંચ (૧૧) કુંભકર્ણવધ (૧૨) મેઘનાથ વધ (૧૩) લક્ષ્મણ શક્તિભેદ (૧૪) શ્રીરામવિજય.

વાલ્મિકીની રામકથા કરતાં હનુમન્નાટકની રામકથામાં કેટલીક ભિન્નતા છે :

(૧) રામ-ભરત-લક્ષ્મણ-શત્રુઘ્ન, ચારેય વિષ્ણુના અંશાવતારો છે.

(૨) રામના વનગમન સમયે ભરત અયોધ્યામાં હતો. એ વનવાસમાં સાથે આવવા લાગ્યો; પરંતુ રામે એમને અટકાવ્યો.

(૩) ચિત્રકૂટમાં રામભક્ત-મિલન સમયે સુમિત્રા હાજર હતી.

(૪) સુવર્ણમૃગને લેવા રામ અને લક્ષ્મણ સાથે ગયા. જતાં પહેલાં લક્ષ્મણે ધનુષ્યની અણીથી ભૂમિ ઉપર રેખા દોરી. રાવણે રેખાથી આગળ ન વધ્યો; પરંતુ સીતા ભીક્ષા આપવા રેખાથી આગળ વધી.

(૫) રાવણ સીતાને લઇને જઇ રહ્યો હતો ત્યારે પર્વત શિખર ઉપર હનુમાન ઊભા હતા. સીતાએ એમને આભૂષણ ફેંકીને કહ્યું કે મારા દિયર સાથે રામ આવશે, ત્યારે તમે એમને આપી દેજો.

(૬) મરણ પામી રહેલા જટાયુએ રામને કહ્યું કે ચૈત્ર સુદ આઠમે બપોરને સમયે રાવણ સીતાને લઇ જઇ રહ્યો હતો.

(૭) વાલીનો વધ કર્યો; પછી આંખમાં અશ્રુ સાથે રામે એની પાસે પશ્ચાતાપ પ્રગટ કર્યો.

(૮) મંદોદરી એ રાવણને કહ્યું કે સીતાનો સોંપી દો. અશોકવાટિકામાં તે રાવણની સાથે ગઇ અને સીતાને રાવણની સાથે ગઇ અને સીતાને બતાવીને કહ્યું કે એનામાં અને મારામાં શું તફાવત છે?

(૯) હનુમાન દ્રુહિણ પર્વતને લઇને પાછા ફરતા હતા. અયોધ્યા ઉપરથી પસાર થયા, ત્યારે અજાણતાં ભરતના બાણથી મૂર્છિત થયા. વસિષ્ઠે એમને જાગૃત કર્યા અને ભરતને વાકેફ કર્યો. હવે ભરતે હનુમાન અને પર્વતને બાણ ઉપર રાખીને છોડ્યું; તો તેઓ રામ પાસે પહોંચી ગયા.

(૧૦) રામના અભિષેક પછી અંગદે પોતાના પિતા વાલીના વધ માટે રામ પાસે નારાજગી બતાવી. રામે ક્ષમા માગી; ત્યારે આકાશવાણી થઇ કે કૃષ્ણાવતાર સમયે તું શિકારીરુપે એમને મારીશ.

તુલસીદાસના માનવકાવ્યમાં કેટલીય જગ્યાએ આ નાટકના શ્લોકોની છાયા વરતાય છે. ખરેખર તો 'હનુમન્નાટક' અનેક વિશેષતાઓને કારણે અજોડ છે. આ પ્રકારના અદ્ભૂત નાટ્યકર્મના કર્તા હનુમાન છે. ત્યારે એમને ભક્તિપૂર્વકની પ્રણામાંજલિ.

સંદર્ભ -
(૧) હનુમન્નાટકમ્ - પં. જગદીશ મિશ્ર
(૨) પૌરાણિકકોશ - રાણાપ્રસાદ શર્મા

રામભક્ત - અતુલિત બલધામા - ચિરંજીવી શ્રી હનુમાન

આલેખન

- ભાનુપ્રસાદ એસ. દવે

હનુમાનજીનો જન્મ ચૈત્રી પૂનમને દિવસે થયો હતો, જેની આપણે હનુમાન જંયતી તરીકે ઉજવણી કરીએ છીએ. શ્રી હનુમાનજી એટલે વીર પ્રાજ્ઞ, રાજનીતિમાં નિપુર્ણ મુત્સદ્દી, હનુમાન એટલે વકતૃત્વકળામાં નિપુર્ણ. હનુમાનજી વિદ્વત્રા બુદ્ધિ રાજનીતિ, માનસશાસ્ત્ર, તત્વસ્થાન સાહિત્ય વગેરે સર્વગુણોથી સંપન્ન હતા. આ કલિકાલ સર્વજ્ઞ વ્યક્તિ જેની ભક્ત હોય તે ગુરુને કોઇ વિપત્તિઓનો સામનો કરવો પડે ખરો? તેથી જ શ્રી રામની સફળતાઓમાં મરુતનંદન હનુમાનજીનો ફાળો અદ્વિતીય હતો. તેઓ સર્વગુણસંપન્ન હોવા છતાં તેમનામાં લેશ માત્ર અભિમાનનો ભાવ નહોતો. તેઓ તો હંમેશા શ્રીરામની ભક્તિમાં મગ્ન રહેતા. રામને હનુમાનજીનો ભેટો એવા સમયે થયો હતો જયારે તેઓ જીવનનાં સૌથી વધુ વિપત્તી કાળમાં હતા. શ્રીરામે સીતાજીની શોધનું કપરું કાર્ય હનુમાનજીને સોંપ્યું હતું તે તેમણે બખૂબી નિભાવ્યું હતું.



શ્રીરામને હનુમાનજી ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. તેથી જ જયારે રાવણનાં ભાઇ વિભીષણનો સ્વીકાર કરવો કે ન કરવો તે ગડમથલમાં પડેલા શ્રીરામે સુગ્રીવનાં અભિપ્રાયને ઉવેખીને પણ હનુમાનજીના મંતવ્યનો સ્વીકાર કરેલો. કારણ કે શ્રીરામ હનુમાનજીને માત્ર એક ભક્ત તરીકે જ નહોતા નિહાળતા તેનામાં રહેલ માણસને પારખવાની અદ્ભૂત શક્તિને પણ સમજતા હતા. હનુમાનજીએ સીતાજીને અશોક વાટિકામાં આત્મહત્યાના માર્ગે જતા અટકાવ્યા હતા. તેઓ માત્ર એક વિદ્વાન જ નહિ, એક સૈનિક પણ હતા. તેમનામાં કોઇ પણ કાર્ય બુદ્ધિપૂર્વક હાથ ધરવાની સમજદારી હતી. તેથી તેઓએ એકલે હાથે રાવણની આખી લંકા સળગાવી નાખી હતી. શ્રીરામના કોઇ પણ મહત્ત્વનાં કાર્ય કે કટોકટીની ક્ષણોમાં હનુમાનજી હંમેશા સાથે જ હતા. ઇન્દ્રજીતનાં બાણથી મરણશૈયા ઉપર પડેલાં લક્ષ્મણને ઔષધી લાવીને હનુમાનએ જ બચાવેલા. રાવણનો યુદ્ધમાં નાશ થયો તે સમાચાર સીતાજીને આપવા શ્રીરામ હનુમાનજીને જ મોકલે છે. શ્રી હનુમાનજીનાં આવા કાર્યોથી ગદગદ થયેલા શ્રીરામે રામાયણમાં એક જગ્યાએ કહ્યું છે, મારુતી તમારા મારા ઉપરનાં અસંખ્ય ઉપકારનો બદલો માત્ર પ્રાણ ન્યોચ્છાવર કરીને પણ હું વાળી શકું તેમ નથી. હનુમાન શંકરનાં ૧૧મા અવતાર હતા. જે સાત અમર મહાનુભાવો પૈકીનાં એક છે અને આ કળીયુગમાં હાજરાહજુર છે.

● મહાબલીનું જાંબુ ટેમ્પલ શીમલા

સમુદ્રથી ૮૧૦૦ ફીટની ઊંચાઇએ શીમલામાં આવેલું જાંબુ મંદિર મહાબલીનું પ્રાચીન મહત્ત્વ ધરાવતું મંદિર છે. અહીંની વિશિષ્ટતા છે કે પુષ્કળ વાનર અને ૧૦૮ ફૂટ ઊંચી હનુમાનજીની પ્રતીમા જાંબુ હનુમાન સમગ્ર શીમલા પર નજર રાખતા હોય તેવું ભવ્ય દશ્ય સર્જાય છે. જાંબુ ટેમ્પલનું મહત્ત્વ રામાયાણકાળ સાથે સંકળાયેલું છે. લોકવાયકા એવી છે કે લક્ષ્મણની મૂર્છા સમયે હનુમાન જડીબુટ્ટી સંજીવની લેવા ઉડ્યા ત્યારે જાંબુ વાળા પહાડ ઉપર વિશ્રામ લેવા ઉતર્યા હતા તેમના વજનથી આ પહાડનો કેટલોક હિસ્સો ધરતીમાં દબાય ગયો. જાંબુ મંદિર શીમલામાં સૌથી ઊંચો પોઇનટ છે. અહીં પગે ચાલીને જઇ શકાય છે. ૧૦૮ ફૂટ ઊંચી હનુમાનજીની પ્રતીમા નજારો ઊભો કરે છે.

● આંધ્રપ્રદેશના ખમ્મમ જિલ્લાનું મંદિર

હનુમાનજી બાલબ્રહ્મચારી માનવામાં આવે છે એટલાં માટે અન્ય દેવોની જેમ હનુમાનજી મંદિરોમાં પત્ની સાથે ક્યારેય જોવા મળતા નથી. પરંતુ આંધ્રપ્રદેશના ખમ્મમ જિલ્લામાં આવેલાં એક પ્રાચીન મંદિરમાં હનુમાનજીના દર્શન તેમની પત્ની સાથે કરી શકાય છે. એવી માન્યતા છે કે, હનુમાનજી જયારે પોતાના ગુરુ સૂર્યદેવ પાસેથી શિક્ષા પ્રાપ્ત કરી રહ્યાં હતા ત્યારે સૂર્ય દેવે હનુમાનજી સામે એવી શરત કરી હતી કે, વધુ શિક્ષા માટે તેઓએ વિવાહ કરવા પડશે. કિન્તુ, હનુમાનજી તો આજીવન બ્રહ્મચારી રહેવાની ટેક લઇ ચૂક્યા હતા. સૂર્યદેવના સૂચનથી હનુમાનજીને દુવિધા થઇ. દુવિધામાં પડેલાં હનુમાનજીને જોઇ સૂર્યદેવે કહ્યું, ''તમે મારી તપસ્વીની પુત્રી સુવર્ચલા સાથે વિવાહ કરી લો.'' હનુમાનજીએ માત્ર ગુરુજીની આજ્ઞા મુજબ સુવર્ચલા સાથે વિવાહ કરી આગળનું જ્ઞાન પ્રાપ્ત કરવા વિનંતી કરી હતી. વિવાહની શરત પૂરી થઇ અને સુવર્ચલા પુનઃ તપશ્ચર્યામાં લીન થઇ ગયા અને હનુમાનજી જ્ઞાન પ્રાપ્તિ માટે. આમ તેઓનું બ્રહ્મચારી રહેવાનું વ્રત પણ કાયમ રહ્યું. હનુમાનજીના વિવાહનો આ ઉલ્લેખ પરાશર સંહિતામાં પણ કરવામાં આવ્યો છે.

હનુમાનજીના આ મંદિરમાં આવીને કોઇ પણ દંપતિ દર્શન કરે છે તો તેઓના વૈવાહિક જીવનમાં પરસ્પર પ્રેમ અને તાલમેલ કાયમ રહે છે તેવી માન્યતા છે. અહીં દર્શન કરવાથી વૈવાહિક જીવનમાં ક્યારેક આવતી મુશ્કેલીઓમાંથી હનુમાનજી મુક્તિ અપાવે છે.

વિરાટનગર રાજસ્થાનમાં સ્થપાયેલું પંચખંડપીઠ પાવનધામમાં હનુમાનજીનું વાનરના મુખાકૃતિ વિનાનું મૂર્તિ સ્થાપિત છે. કહેવાય છે કે હનુમાનજી ભગવાન શિવજીના અગિયારમાં રુદ્ર અવતાર હતા અને સૌથી બળવાન તેમજ બુદ્ધિમાન હતા. રામાયણમાં વર્ણવાયા પ્રમાણે વાનરોની સેનાના અગ્રણીએ રાક્ષસ રાજા રાવણ સાથે પણ લડાઇ કરી. અહીંના મહાત્મા રામચંદ્ર વીર દ્વારા સમગ્ર હિન્દુસ્તાનમાં સૌથી અલગ એવું વાનરની મુખાકૃતિ વગરનું હનુમાનજીનું મંદિર સ્થાપવામાં આવ્યું છે. તેઓ કહે છે કે હનુમાનજી વાનર નામની જાતિમાંથી આવતા હતા. શરીરથી વાનર નહીં. સીતામાતાની શોધ-ખોળ કરવાવાળા અને વેદપાઠોના જ્ઞાતા હનુમાનજીએ રાવણ સામેનાં યુદ્ધમાં લંકા જલાવવાના હેતુસર વાનરુપ ધારણ કર્યું હશે.

તેઓને બજરંગબલી એટલે કહે છે કે તેઓનું શરીર વજ્રનું હતું. પવનપુત્ર એટલે કહે છે કે હનુમાનજીના પાલનમાં વાયુ-પવન-હવાના દેવતાઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. મારુત સંસ્કૃત શબ્દ મર્તુનો અર્થ હવા છે અને નંદનનો અર્થ બેટા છે એટલે પૌરાણિક કથા અનુસાર મારુતિ અર્થાત મરુતનંદન કહે છે. આ ધરતી ઉપરના સાત ચિરંજીવીઓમાં જેમની ગણતરી થાય છે. તેવા હનુમાનજીના પરાક્રમો વીશે અસંખ્ય ગાથાઓ પ્રચલીત છે. એક દંતકથા મુજબ બાળ હનુમાનને ભૂખ લાગી ત્યારે પ્રભાતમાં ઉગતા સૂરજને જોઇને તેને ફળ સમજી પકડવા દોડ્યા. આકાશમાં ઊડ્યા બરાબર તે જ વેળાએ રાહુ-સૂર્ય પર ગ્રહણ લગાવી રહ્યાં હા. હનુમાનજીએ સૂર્યની પાસે ગયા. હનુમાનજીએ રાહુને પકડયો અને રાહુએ ઇન્દ્રનું રક્ષણ માગ્યું ત્યારે હનુમાનજી અને ઇન્દ્ર વચ્ચે વજ્રયુદ્ધ થયું. હનુમાનજી એક પર્વત પર પડ્યા અને તેમની દાઢીનો ભાગ તૂટી ગયો. સંસ્કૃતમાં દાઢીને હનુમ કહેવામાં આવે છે. આ રીતે તેમનું નામકરણ હનુમાન થયું હશે. દાઢી તૂટેલા હનુમાનજીને જોઇ તેમના પિતા વાયુદેવને ક્રોધ આવ્યો તેમને બ્રહ્માજીનું સ્મરણ કર્યું અને હનુમાનજીની પીડા દૂર કરવા જણાવ્યું ત્યારે બ્રહ્માજીએ હનુમાનજીની પીડા દૂર કરી તેઓનું શરીર વજ્રથી પણ કઠોર થશે એવું વરદાન આપ્યું. આ વેળાએ સૂર્યદેવ, વરુણ, કુબેર જેવા દેવોએ પણ હનુમાનજીને તેજસ્વિતાનું શાસ્ત્રના મર્મજ્ઞ હોવાનું જળ અને સ્થળમાં સુરક્ષિત અને નીરોગી રહેવાનું યમદેવે સદૈવ ચિરંજીવી રહેવા જેવા અનેક અમોઘ વરદાનો આપ્યા હતા.

હનુમાનજીના પિતા સુમેરુ પર્વતની રાજવી વાનરરાજ કેસરી અને માતા અંજના હતા. આથી હનુમાનજીએ અંજનીપુત્ર પણ કહે છે. તેઓએ શ્રીરામ સાથે સુગ્રીવની મૈત્રીકરાર અને વિભિષણનો સ્વીકાર કરવા માટે પણ શ્રીરામને સમજાવ્યા કારણ માણસ પારખવાની હનુમાનજીની શક્તિ અગાધ હતી.

હનુમાનજીનો પ્રભાવ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુદ અને કળિયુગમાં સદાય વર્તાયો છે. આજ પર્યંત તેઓની પ્રાસંગિકતા રહી છે. હનુમાન એ માત્ર નામ નથી પણ એક પ્રભાવક તત્વ છે જે સાંપ્રત સમયમાં પણ આપણને ઉપદેશ કરે છે. સંકટમોચન યુગોથી વિદ્યમાન છે.

વિશ્વભારતી સંસ્થાન દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ ખાતે યોજાયેલ કવિસંમેલન

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ

શબ્દ સેતુ

સંપાદક - નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર

● તાજેતરમાં 'ઉપવન રવેશ'માં અમદાવાદ ખાતે એન.આર.જી. લિખિત બે પુસ્તકોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાઇ ગયો.

જેમાં અમેરિકા ખાતે વસતાં કૌશિક અમીનના પુસ્તક 'યુગદ્દષ્ટા સ્વામી વિવેકાનંદ' નું લોકાર્પણ મનસુલ સલ્લાના હસ્તે થયું. અને કિશોર રાવળ લિખિતિ 'અમે ભાવનગરનાં' નું લોકાર્પણ રતિલાલ બોરીસાગરના હસ્તે થયું. મનસુખ સલ્લાએ કૌશિખ અમીનને આખાબોલા નિસ્બતી કહ્યા. જયારે બોરીસાગર સાહેબે સૌને ખુબ હસાવ્યા. તેમણે ભાગનગરની ઘણી અજાણી વાતો કરી. 'ઉપવન રવેશ' વિવિધ ક્ષેત્રના શ્રોતા સમુહથી છલકાઇ ગયો હશે.

● વિશ્વભારતી સંસ્થાન દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ ખાતે કવિસંમેલન યોજાઇ ગયુ.

જેમાં હર્ષ બ્રહ્મભટ્ટ, યોગેશ જોશી, ઉષા ઉપાધ્યાય, મધુસૂદન પટેલ, ભાવિન ગોપાણી, તેજસ દવે, ભાર્ગવી પંડ્યા, એ કાવ્યપઠન કર્યું હતું, કાર્યક્રમનું સંચાલન ગોપાલી બુચ દ્વારા કરવામાં આવ્યું હતું.

● ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાતી સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી ભાષાના સાહિત્યને યુવાનો સુધી પહોંચાડવા માટે સાહિત્યકારોના જન્મ દિવસ ઉજવવામાં આવે છે. જેમાં આ વખતે રામનારાયણ વિશ્વનાથ પાઠક 'દ્વિરેફ' ના ૧૨૯માં જન્મદિન નિમિત્તે વ્યાખ્યાનમાળાનું આયોજન તા. ૮-૪-૨૦૧૫ ના સાંજે ૫.૩૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યવક્તા જાણીતા સાહિત્યકાર રઘુવીર ચૌધરી છે.

● ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા સુરત ખાતે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાઇ ગયો

જેમાં અધ્યક્ષ સ્થાને દ.ગુ. યુનિ. નર્મદ યુનિ.ના કુલપતિ દક્ષેશ ઠાકર અને અતિથિ વિશેષ પદે જાણીતા લેખક પ્રકાશક - જનક નાયક પધાર્યા હતા. આ કાર્યક્રમમાં જાણીતા લેખક અને સમાજસેવી અતુલ પાઠકજી ને 'ઇન્દુલાલ યાજ્ઞિક' એવોર્ડ એનાયત થયો હતો. જયારે તેમના પ્રાસ્તાવિક લેખોનાં સંપાદિત પુસ્તક 'સાહિત્યની કેડીએ' નું વિમોચન સંસ્થાના મહાસચિવ અને જાણીતા લેખક નટવર હેડાઉ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઉપલેટા સ્થિત ડૉ. અમૃત રાણીંગાના અભ્યાસ અને જીવનલક્ષી છ પુસ્તિકાઓનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

● બાળગીતોના સંગ્રહ 'ફૂલડાં' ની સી.ડી.નું લોકાર્પણ

બાળશિક્ષણના ક્ષેત્રમાં મહત્ત્વનું કામ કરનાર ત્રિવેણીબહેન પંડ્યા રચિત બાળગીતોનો સંગ્રહ 'ફૂલડાં' તથા બાળગીતોની ઓડિયો એમ.પી.૩ સીડીનું લોકાર્પણ 'ગ્રંથ ગોષ્ઠિ' ના ઉપક્રમે બાળ સાહિત્યકારોની ઉપસ્થિતિમાં કરાયું હતું. દક્ષિણામૂર્તિ બાળ અધ્યાપન મંદિર (ભાવનગર)ના આચાર્ય ડૉ. વિપુલભાઇ વ્યાસે આ ગીતોમાં બાળકોની સંવેદનાની અભિવ્યક્તિ, તેમનું તાદાત્મય સારી રીતે સિદ્ધિ થયું હોવાનું જણાવ્યું હતું. ત્રિવેદી બહેનના ગીતોની આર.સી. પટેલ નવયુગ વિદ્યાલય તથા નૂતન શિક્ષણ બાલશિક્ષણ સંઘના બાળકોએ કરેલી નૃત્ય પ્રસ્તુતિએ સહુના દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે 'ગ્રંથિ ગોષ્ઠી'ની અભ્યાસસભાઓની પ્રવૃત્તિના તપસ્વીસમા ત્રિવેણીબહેનનું 'ગ્રંથ ગોષ્ઠી' એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. વિવિધ સંસ્થાઓ તથા વ્યક્તિઓએ પણ અભિવાદનમાં સામેલ થઇ શુભેચ્છાઓ પાઠવી હતી.

● 'આદિકાળની અનાદિ ગાથા, નરસિંહ મહેતા' વિશેષાંક તાજેતરમાં ગાંધીનગર સમાચાર દૈનિકના ત્રીસમાં વર્ષનાં પ્રવેશ નિમિત્તે પ્રગટ કરવામાં આવ્યો છે. જેમાં મોરારિબાપુ, લાભશંકર પુરોહિત, ડૉ. નિરંજન રાજયગુરુ, ભગવતીકુમાર શર્મા, ડૉ. નરોત્તમ વાળંદ, વિષ્ણુ પંડ્યા, ડૉ. નાથાલાલ ગોહિલ, વીરુ પુરોહિત, દોલત ભટ્ટ, ડૉ. ઉર્વીશ વસાવડા, પરમાનંદ ગાંધી, અમૃતલાલ વેગડ, ચંદ્રકાન્ત શેઠ, જયોતિબહેન થાનકી, ડૉ. દલપત પઢિયાર, નીતિન વડગામા, ડૉ. કેશુભાઇ દેસાઇ, ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની, સુરેશ ભટ્ટ, રાજેશ પંડ્યા, ડૉ. દર્શના ધોળકિયા, નટવર હેડાઉ, ડૉ. હિના મહેતા, પ્રો. ડૉ. મમતા બુચ, ધ્વનિલ પારેખ અને ડૉ. માર્ગી હાથી જેવા ખુબ જ જાણીતા વરિષ્ઠ સાહિત્યકારોના લેખોથી આ અંક દ્વારા સાંપ્રત સમયમાં નરસિંહની પ્રસ્તુતતાને વ્યક્ત કરવામાં આવી છે.

● બાળસાહિત્યકારો જોગ -

આપણી માતૃભાષા ગુજરાતીના વ્યાપક પ્રસાર અર્થે અને બાળકોને ગુજરાતી ભાષા પ્રતિ અભિમુખ કરવા તથા અભ્યાસ અનુભૂતિ અને વિચારોને ઉત્તેજન આપવા બાળગીતો, અને બાળ વાર્તાઓનો એક સંગ્રહ હસમુખશાહ 'બેઝાર' સાસ્તાપુરી તૈયાર કરી રહ્યા છે. બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપતી બબ્બે ઉત્તમ કૃતિઓ મોકલી આપવા કવિ /લેખકોને અનુરોધ કરવામાં આવ્યો છે. કૃતિઓ માટેનું સરનામું - હસમુખ શાહ, ૧૦૧, મધુવન એવન્યુ, પ્રજાપતિ પાસે, ડૉ. જીવરાજ મહેતા, હૉસ્પિટલ માર્ગ, વાસણા, અમદાવાદ - ૭, મોકલી આપવી મો.ન. ૯૪૨૮૯૦૩૧૪૪.

● નટવર હેડાઉ 'વનવિહારી'નાં પ્રણય કાવ્યોનો સંગ્રહ 'પ્રણલ લોક' અનુભૂતિ મિડિયાના સ્માર્ટ ઇન્પ્રોડકટ દ્વારા ઇ-બૂક રુપે લોન્ચ કરવામાં આવ્યો છે.

● શામળાજી કૉલેજમાં સંસ્કૃતના વિદ્વાન ફૂલશંકર શાસ્ત્રીનું વ્યાખ્યાન

શામળાજી આર્ટ્સ કૉલેજમાં ગાંધીનગરના સંસ્કૃત વિદ્વાન ફૂલશંકર શાસ્ત્રીનું ભારતીય સંસ્કૃતિ વિષયક વ્યાખ્યાન સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયું હતું. તેમણે ભારતી જીવનશૈલીને અપનાવી આપણી માતૃભાષા ગુજરાતી અને સંસ્કૃતિનો ગહન અભ્યાસ કરી છાત્રોને પોતાની કારકિર્દી બનાવવા માટે પ્રયત્ન કરવા જણાવ્યું હતું અને નીલકંઠ શાસ્ત્રીએ પણ આ પ્રસંગે ટૂંકુ પ્રવચન કરી સંસ્કૃત માર્ગદર્શન પુરું પાડ્યું હતું. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ. મધુસૂદન વ્યાસે આયોજન અને સભા સંચાલન કર્યું હતું.

● 'કનુ દેસાઇ : જીવન અને કવન' વિશે રજની વ્યાસનું વકતવ્ય

ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત વકતવ્ય આપતાં રજની વ્યાસે કનુભાઇ દેસાઇના જીવન અને કવન અંગે જણાવેલ કે તેમની છાયા ચિત્રો૦૧૭, નું પ્રથમ આલ્બમ બાદ એક પછી એક ૩૦ આલ્બમો પ્રગટ થયા હતા. કાર્યક્રમની શરુઆત ડૉ. અલ્પા શાહે વિશ્વકોશગાનથી કરી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા વક્તાનો પરીચય ડૉ. પ્રિતી શાહે આપ્યો હતો.

(અનુસંધાન પાના નં. ૬ પર)